યુપીએસસી વિવાદને પગલે ભારે હોબાળો

નવીદિલ્હી,તા. ૫

યુપીએસસીની સિવિલ સેવા પરીક્ષામાં સીસેટને રદ કરવાની માંગને લઈને લોકસભા અને રાજ્યસભામાં આજે પણ જોરદાર હોબાળો રહ્યો હતો જેના કારણે બંને ગૃહોની કામગીરીને વારંવાર મોકૂફ રાખવાની ફરજ પડી હતી. કોંગ્રેસ સહિત વિરોધ પક્ષના સભ્યોએ ભારે ધાંધલધમાલ મચાવી હતી જેના કારણે કાર્યવાહીને મોકૂફ કરવાની ફરજ પડી હતી. રાજ્યસભામાં પ્રશ્ન કલાકની કામગીરી ચાલી શકી ન હતી. વારંવાર પ્રશ્નકલાક ન ચાલતા નારાજ અધ્યક્ષ હમીદ અન્સારીએ કહ્યું હતું કે, તેઓ રાજ્યસભા સમિતિની બેઠક બોલાવશે. જેમાં સભ્યો આ બાબત ઉપર નિર્ણય કરે કે તેઓ પ્રશ્ન કલાક ઈચ્છે છે કે કેમ લોકસભામાં પણ સમાજવાદી પાર્ટી આરજેડીના સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો જેના કારણે કામગીરીને મોકૂફ કરવાની ફરજ પડી હતી. રાજ્યસભાની કામગીરી શરૂ થવાની સાથે જ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, જેડીયુ, બીજેડી અને અન્ય ડાબેરી પક્ષોના સભ્યોએ સીસેટ સમાપ્ત કરવા અને પ્રારંભિક પરીક્ષામાં અન્ય ભારતીય ભાષાઓમાં પ્રશ્નોના અનુવાદ કરવાની માંગ ઉઠાવી હતી. અધ્યક્ષ હમીદ અન્સારીએ એક પછી એક પોતાની વાત રજૂ કરવા સભ્યોને કહ્યું હતું. જેડીયુના શરદ યાદવે કહ્યું હતું કે, યુપીએસસીની સિવિલ સેવા પરીક્ષામાં સીસેટ શરૂ કરવામાં આવ્યા બાદથી ક્ષેત્રિય ભાષાઓના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. બસપના નેતા સતીષચંદ્ર મિશ્રાએ કહ્યું હતું કે, સીસેટના મુદ્દા પર ટૂંકમાં ચર્ચા કરીને આને નાબૂદ કરી દેવાની જરૂર છે. તૃણમુલ કોંગ્રેસના ડેરેક ઓબ્રાયને કહ્યું હતું કે, સિવિલ સેવાની મુખ્ય પરીક્ષામાં જે રીતે ભાષાના વિકલ્પ હોય છે તેવી જ રીતે પ્રારંભિક પરીક્ષામાં પણ વિકલ્પ હોવા જોઈએ. ડીએમકેના નેતા કાનીમોઝીએ કહ્યું હતું કે, કેટલાક વિદ્યાર્થીઓ હિન્દી બોલી શકતા નથી અને સમજી પણ શકતા નથી જેથી પ્રારંભિક પરીક્ષામાં બીજી ભારતીય ભાષાઓને સામેલ કરવાની જરૂર છે. સીપીઆઈના ડી રાજાએ કહ્યું હતું કે, પરીક્ષામાં તમામ ૨૨ ભાષાઓને સ્થાન મળવું જોઈએ. પ્રારંભિક ભાષામાં તમામ ભારતીય ભાષાઓને સામેલ કરવાની જરૂર છે. અન્નાદ્રમુકના કેકે મૈત્રેયન કહ્યું હતું કે, પ્રારંભિક પરીક્ષા બાદ તમામ વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષામાં બેસે છે જેથી પ્રારંભિક બાષામાં તમામ ભારતીય ભાષાઓને સામેલ કરવી જોઈએ. તેઓ હિન્દી ભાષાની વિરુદ્ધમાં નથી પરંતુ બિનહિન્દી ભાષાના વિદ્યાર્થીઓને પણ ધ્યાનમાં લેવા જોઈએ. ભાજપના મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓની માંગણીઓને ધ્યાનમાં લઈને સરકારે સંવેદનશીલતા સાથે પગલું લીધું છે.

મુલાયમ અને અમરસિંહ ૪ વર્ષ બાદ ફરી એક મંચ પર

નવીદિલ્હી,તા. ૫

રાજકીય રીતે ફેંકાઈ ગયેલા સાંસદ અમરસિંહ આજે ફરી એકવાર સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા દેખાયા હતા. આજે દિલ્હીમાં જાનેશ્વરમિશ્ર પાર્કના ઉદ્ઘાટન કાર્યક્રમમાં અમરસિંહ સામેલ થયા હતા. ચાર વર્ષના લાંબાગાળા બાદ કોઈ એક મંચ ઉપર મુલાયમસિંહ યાદવની સાથે અમરસિંહ નજરે પડ્યા હતા. આ નવા રાજકીય ઘટનાક્રમને રાજ્યસભા ચૂંટણીને જોડીને જોવામાં આવે છે. જો કે, આ મંચ ઉપર આઝમખાન ન દેખાતા રાજકીય વર્તુળોમાં તર્ક વિતર્કોના દોર શરૂ થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આઝમ એક મંચ ઉપર મુલાયમ અને અમરસિંહ દેખાતા નારાજ દેખાઈ રહ્યા છે. મુલાયમ અને અમરસિંહની મિત્રતા ફરી મજબૂત બનશે તો અમરસિંહને સમાજવાદી પાર્ટી ફરીથી રાજ્યસભામાં મોકલી શકે છે. તેમની અવધિ ૨૫મી નવેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહી છે. એક સમયમાં અમરસિંહ મુલાયમસિંહના સૌથી નજીકના વિશ્વાસુ વ્યક્તિ તરીકે હતા. સરકાર અને પાર્ટીના સ્તરે થતાં મોટા નિર્ણયમાં અમરસિંહની મોટી ભૂમિકા રહતી હતી. વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ આઝમ ખાનના બદલે અમરસિંહને મહત્વ આપ્યું હતું. અમરસિંહની જયાપ્રદા સાથે નજીકના સંબંધોને લઈને ટિકિટને લઈને વિવાદ થયો હતો જેથી અમરસિંહ સપા સાથે છેડો ફાડી ગયા હતા. વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં અમરસિંહે પોતાની પાર્ટી બનાવીને ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને સપા ઉપર પ્રહાર કર્યા હતા. લોકસભા ચૂંટણી ૨૦૧૪માં રાષ્ટ્રીય લોકદળના ઉમેદવાર તરીકે અમરસિંહ ફતેપુર સિકરીમાંથી અને જયાપ્રદા બિજનોરમાંથી ચૂંટણી લડી હતી પરંતુ બંનેની જમાનત પણ જતી રહી હતી. હવે સ્થિતિ બદલાઈ ચુકી છે. અમરસિંહ પોતાને મુશ્કેલીમાં અનુભવ કરી રહ્યા છે. અમરસિંહ ફરી સપાની નજીક આવવાના પ્રયાસમાં છે.

લિબિયાથી કેરળની ૪૪ નર્સો કોચી પહોંચી ગઈ

નવીદિલ્હી,તા. ૫

લિબિયામાં અટવાયેલી કેરળની ૪૪ નર્સની પ્રથમ બેચ આજે સવારે દુબઈથી આવી પહોંચતા ભારત સરકારને મોટી રાહત થઈ હતી. લિબિયામાં અતિ ખરાબ સ્થિતિને લીધે આ નર્સને ખસેડવામાં આવી છે. આ નર્સોને સૌથી પહેલા ટ્યુનિશિયાથી બસ મારફતે દુબઈ લાવવામાં આવી હતી. દુબઈમાં તેમને અમિરાતની ફ્લાઈટમાં બેસાડવામાં આવી હતી. એરપોર્ટના અધિકારીઓએ કહ્યું છે કે, આ નર્સો કોચી પહોંચી ચુકી છે. લિબિયામાં જુદી જુદી હોસ્પિટલોમાં આ નર્સો કામ કરી રહી હતી. ત્રિપોલીથી બે દિવસ અગાઉ ટ્યુનિશિયા પહોંચેલી ૫૮ નર્સ પૈકી આ ૪૪ નર્સો હવે ભારત પહોંચી છે. ૪૩ અન્ય નર્સોની નવી બેચ ગઈકાલે ટ્યુનિશિયા સરહદ ઉપર પહોંચી હતી. મુખ્યમંત્રી ઓમન ચંડીએ પહેલી ઓગસ્ટના દિવસે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને પત્ર લખીને આ નર્સોની સુરક્ષિત વાપસી માટેની વ્યવસ્થા કરવા કેન્દ્ર સરકારને અપીલ કરી હતી. ત્રિપોલીમાં છેલ્લા ત્રણ સપ્તાહથી રક્તપાતનો દોર ચાલી રહ્યો છે. હરીફ મિલિશિયા વચ્ચે જંગ છેડાયેલો છે. ઈસ્લામિક કટ્ટરપંથીઓ અને આર્મી વચ્ચે લડાઈ ચાલી રહી છે. જેથી જુદા જુદા દેશોમાં લોકો પોતપોતાના નાગરિકોને સુરક્ષિત ખસેડી રહ્યા છે. ઈરાક ગયા મહિને જ ભારતીય નર્સોને બાનમાં પકડી લેવાઈ હતી જે હાલમાં જ ભારત પહોંચી હતી.

ઈજિપ્તની યુદ્ધવિરામની દરખાસ્તને સ્વીકારી

ઈઝરાયેલ-હમાસ આખરે યુદ્ધવિરામ અંગે સંમત થયા

એક મહિના લાંબા યુદ્ધ બાદ બ્રેક : મોતનો આંક વધી ૨૦૦૦થી વધુ

ગાઝા,તા. ૫

ઈઝરાયેલ અને હમાસ આખરે યુદ્ધવિરામની દરખાસ્ત પર સહમત થતા એક મહિનાથી ચાલી રહેલી લડાઈ પર બ્રેક મુકાઈ છે. વૈશ્વિક દેશોના દબાણ વચ્ચે ઈઝરાયેલ અને હમાસે ઈજિપ્ત દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને સ્વીકારી લીધી છે. આનાથી યુદ્ધનો અંત આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. લડાઈમાં હજુ સુધી ૨૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે અને હજારો લોકો ઘાયલ થયા છે. યુદ્ધવિરામની અવધી આજે સવારે આઠ વાગે શરૂ થઈ હતી. બન્ને પક્ષો વચ્ચે મંત્રણા યોજાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. અગાઉ એવા કેટલાક યુદ્ધવિરામના ગાળા ફ્લોપ રહ્યા હતા. ઈઝરાયેલ યુદ્ધવિરામની દરખાસ્તને માન આપશે તેવી જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. સાત સપ્તાહથી હમાસ સાથે ઈઝરાયેલની લડાઈ ચાલી રહી હતી. દરમિયાન લડાઈમાં મોતનો આંકડો વધીને ૨૦૦૦ સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ ગોલ્ડીનના મોતની સાથે ઈઝરાયેલના પક્ષે મોતનો આંકડો વધીને ૬૪ થયો છે. લેબનીઝ હેઝબોલ્લાની સામે જંગમાં વર્ષ ૨૦૦૬માં જેટલા જવાન માર્યા ગયા હતા તેના કરતા પણ વધુ જવાનના મોત થયા છે. આઠમી જુલાઈના દિવસે લડાઈની શરૂઆત થયા બાદથી ઓછામાં ઓછા ૨૦૦૦ પેલેસ્ટેનિયનોના મોત થયા છે. જ્યાર ૭૦૦૦થી વધારે ઘાયલ થયા છે. લડાઈમાં ૬૪ ઈઝરાયેલી સૈનિકોના મોત થયા છે. તેના ૪૦૦થી વધારે જવાનો ઘાયલ થયા છે. સૌથી ચિંતાજનક અને દુખદ બાબત એ છે કે હુમલામાં માર્યા ગયેલા લોકો પૈકી ૮૦ટકા નાગરિકો છે અને આમાં પણ મોટા ભાગે મહિલાઓ અને માસુમ બાળકો છે.

આઠમી જુલાઈના દિવસે શરૂ કરવામાં આવેલા હુમલા ૨૧ દિવસ સુધી ચાલ્યા બાદ યુદ્ધવિરામની કામચલાઉ જાહેરાત કરવામાં આવી હતી પરંતુ ટુંકા યુદ્ધવિરામ બાદ ફરી હુમલાઓ શરૂ થયા હતા. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે આઠમી જુલાઈના દિવસે લડાઈની શરૂઆત કરવામાં આવ્યા બાદ બે વખત યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હોવા છતાં તંગદીલી ઘટી નથી. વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી લાંબી કાર્યવાહી ઈઝરાયેલે કરી છે.યુદ્ધવિરામના પગલાને શંકાથી જોવાય છે.

ફિયાટ દ્વારા પન્ટો ઇવો કારને લોંચ કરી દેવાઇ

નવીદિલ્હી,તા. ૫

ફિયાટ ગ્રુપ ઓટો મોબાઈલ્સ ઈન્ડિયાએ આજે કોમ્પેક્ટ કાર પન્ટો ઈવો લોન્ચ કરી છે. આની કિંમત ૪.૫૫ લાખથી લઈને ૭.૧૯ લાખ રૂપિયા રાખવામાં આવી છે. અન્ય કાર કંપનીઓ સામે સ્પર્ધામાં ઉતરીને આ કાર લોંચ કરવામાં આવી છે. મારુતિ સુઝુકીની સ્વિફ્ટ, હુન્ડાઈની આઈ૨૦ અને હોન્ડા બ્રિયો જેવી લોકપ્રિય કાર સામે આ નવી કાર સ્પર્ધામાં ઉતરશે. આ તમામ કારની કિંમતો ૩.૯૯ લાખથી લઈને ૭.૭૬ લાખ રૂપિયા છે. પન્ટો ઈવોની પેટ્રોલ કારની કિંમત ૪.૫૫ લાખથી ૬.૬૫ લાખ અને ડીઝલ કારની કિંમત ૫.૨૭ લાખથી ૭.૧૯ લાખ છે. કંપની ભારતીય માર્કેટમાં તેની ઉપસ્થિતિને વધુ વિસ્તૃત બનાવવા માટે તૈયાર છે. કંપની હાલમાં ભારતમાં ૨૩ રાજ્યો પૈકી ૯૩ શહેરોમાં ૧૧૬ આઉટલેટ ધરાવે છે. કંપની એસયુવી એવેનપુરા પણ લોંચ કરનાર છે.

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

આ સાંભળીને જેની તો ઉશ્કેરાઈ ગઈ. તેણે મારા ગાલ ઉપર તમાચો મારી દીધો અને ઑફિસ ચૅમ્બરનો દરવાજો જોરથી હડસેલીને રડતી રડતી બહાર નીકળી ગઈ. સાંજ પડતા જ હું ઘર તરફ જવા નીકળ્યો. રસ્તામાં એક ફ્લૉરિસ્ટની દુકાન પાસે રોકાયો. ફૂલવાળાને કહ્યું કે એક સરસ મજાનો ફ્લાવર-બાસ્કૅટ તૈયાર કરે. તેણે બાસ્કૅટ સાથે કાર્ડ ઉપર નામ અને બીજું શું લખવું છે, એવું પૂછ્યું.

મેં કાર્ડ માગીને તેના ઉપર લખ્યું કે ''મારી પ્રિય જીવનસાથી, હું તને આ જ રીતે દરરોજ ફૂલોના ગુલદસ્તા સાથે વહેલી સવારે ઊઠાડીશ, મૃત્યુ પર્યંત.''

એ દિવસની સાંજ મને બરાબર યાદ છે. મારી પત્નીએ ડિવૉર્સ પહેલા એક મહિનાનો જે સમય માગ્યો હતો એ મહિનાનો તે છેલ્લો દિવસ હતો. હું હાથમાં ફ્લાવર બાસ્કૅટ લઈને ઘરે પહોંચ્યો. મારા ચહેરા ઉપર સ્મિત હતું. ઘરમાં પ્રવેશતા જ મારી આંખો પત્નીને શોધતી રહી. બધા જ રુમોમાં ફરી વળ્યો. આખરે હું બેડરુમમાં ગયો. મેં જોયું કે મારી પત્ની મૃત્યુ પામી ચુકી હતી. તેનો માત્ર નિશ્ચેતન દેહ પથારીમાં પડ્યો હતો.

તે કેટલાક મહિનાઓથી કૅન્સર સામે ઝઝુમતી હતી અને હું તેની ચિંતા કર્યા વિના ઑફિસના કારોબારમાં અને જેની સાથે સમય વીતાવવામાં બિઝી રહ્યો હતો. તેને તો કદાચ ખબર જ હતી કે તે મૃત્યુ પામવાની છે. હું ડિવૉર્સની માગણી કરતો રહ્યો હોવા છતા દીકરા ઉપર મારી નકારાત્મક છાપ ન પડે એ રીતે તેણે મને બચાવી લીધો હતો. આખરે અમારા દીકરાની નજરોમાં તો એક પ્રેમાળ પતિ તરીકેની મારી છાપ બની રહે એની તેણે કાળજી લીધી હતી.

તમારી જિંદગીની ખુબ નાની નાની બાબતો જ અકબંધ સંબંધ માટે ખાસ્સું મહત્ત્વ ધરાવે છે, આલિશાન બંગલો, કાર, માલ-મિલકતો કે બૅન્કમાં ભેગા કરીને રાખેલા રૂપિયા નહીં. નાની નાની અને સામાન્ય લાગતી બાબતો જ તમારા માટે સુખનું વાતાવરણ સર્જવાનું કારણ બની શકે છે, ગાડી-બંગલા કે પૈસાથી ખરું સુખ મળતું નથી.

તમારા પ્રિયજન માટે હંમેશા સમય ફાળવો. તમારી પ્રિય વ્યક્તિને આપેલો સમય જ તમે એને આપેલી મૂલ્યવાન ભેટ છે. વધુ સમય સાથે વિતાવવાથી જ બેઉ વચ્ચે નિકટતા કેળવાશે. જો તમે સમય નહીં આપો તો સમય તમને મૂકીને આગળ ચાલ્યો જશે. પ્રેમ લગ્નજીવન બગાડી પણ શકે અને લગ્નજીવન બચાવી પણ શકે.

સ્ટોપર :

''દીવાની ઘટનાને જન્મોથી પ્રગટાવો,
હવે ખુદ તમે પ્રગટો તો કેવું?
બારી ઉઘાડીએ તો આવે અજવાળું,
હવે બારણું ઉઘાડો તો કેવું?''

— ભાગ્યેશ જહા

દિલ્હી ચૂંટણી : એક મહિનામાં જ નિર્ણય કરવા કેન્દ્રને આદેશ

કેજરીવાલની અરજી ઉપર કેન્દ્ર સરકારની સુપ્રીમ દ્વારા ઝાટકણી : દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાંબા સમયથી જારી કેમ છે : સરકાર બનાવવા માટે પગલાઓ લેવાયા છે કે કેમ : સુપ્રીમ દ્વારા સરકારને વેધક પ્રશ્નો કરાયા

નવીદિલ્હી, તા. ૫

દિલ્હી વિધાનસભાના ભાવિ અંગે નિર્ણય લેવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આજે આદેશ કર્યો હતો. દિલ્હી વિધાનસભાને હાલમાં સુસુપ્ત અવસ્થામાં રાખવામાં આવી છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે એએપી સરકારે રાજીનામુ આપી દીધા બાદ દિલ્હી વિધાનસભા સુસુપ્ત અવસ્થામાં રાખવામાં આવેલી છે. વાજબી સમયની અંદર નિર્ણય લેવા સરકારને સૂચના આપીને જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટના બંધારણીય બેંચે આ મુજબનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં બેંચે વિધાનસભાને બરખાસ્ત કરવાની માંગણીને લઈને આમ આદમી પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર આ મુજબનો આદેશ કર્યો હતો. અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં સરકારે એ વખતે વિધાનસભાને વિખેરી નાંખવાની માંગણી કરીને જનલોકપાલ બિલના મુદ્દે રાજીનામુ આપી દીધું હતું. ગૃહને વિખેરી નાંખવા અથવા તો અન્ય રસ્તા શોધી કાઢીને આગળ વધવા સરકારને સૂચના આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રની જોરદાર ઝાટકણી કાઢીને એક મહિનાની અંદર નિર્ણય લેવા સૂચના આપી છે. બંધારણીય બેંચે શ્રેણીબદ્ધ પ્રશ્નો કેન્દ્ર સરકાર ઉપર મુક્યા હતા. વિધાનસભાને વિખેરી નાંખીને ચૂંટણી કરાવવાની અરવિંદ કેજરીવાલની માંગના સંદર્ભમાં બંધારણીય બેંચે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન કેમ જારી છે તેવો પ્રશ્ન કેન્દ્ર સરકારને કર્યો છે. સરકાર બનાવવા માટે કોઈ પગલા લેવાયા છે કે કેમ તેવો પ્રશ્ન પણ કર્યો છે. ચૂંટી કાઢવામાં આવેલા જનપ્રતિનિધિઓ કામવગર ઘરમાં બેઠા જ રહે છે કે કેમ. જજે કહ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર નિવેદન આપે છે કે લેફ્ટી ગવર્નર બે મહિનાની અંદર વિધાનસભા ભંગ કરવા ઉપર વિચારણા કરશે તો અરજીને રદ કરી દેવામાં આવશે. એક પાર્ટી કહે છે કે, તેની પાસે સંખ્યાબળ નથી. બીજી કહે છે કે, તેને સરકાર બનાવવામાં રસ નથી. ત્રીજી પાર્ટી પાસે સરકાર બનાવવાની ક્ષમતા નથી.

આવી સ્થિતિમાં લોકો કેમ પરેશાની ઉઠાવે. ક્યા સુધી કેન્દ્ર સરકાર દિલ્હી વિધાનસભાને આવી અવસ્થામાં રાખી શકે છે. કેન્દ્રની ઝાટકણી કાઢતા કોર્ટે કહ્યું હતું કે, જો એક નાગરિક કોર્ટમાં આવે છે અને પુછે છે કે ચૂંટાયેલા પ્રતિનિધિ કંઈ પણ કરી રહ્યા નથી તો પગાર કેમ લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં કોઈ જવાબ રહેશે નહીં. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે ૪૯ દિવસ સુધી સરકાર ચલાવ્યા બાદ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધું હતું. ત્યારબાદથી દિલ્હી વિધાનસભા સુસુપ્ત અવસ્થામાં છે. દિલ્હી વિધાનસભાના ભાવિને લઈને હાલમાં તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે. નવેસરથી ચૂંટણી માટેની માંગ પણ વારંવાર ઉઠી રહી છે. ભાજપે સરકાર રચવાની તૈયારી દર્શાવી નથી. બીજી બાજુ કોંગ્રેસ પાસે સંખ્યા બળ નથી. એએપી નવેસરથી ચૂંટણીના મૂડમાં છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

આ આમનો દર વર્ષનો નિત્યક્રમ, ગાંધીનગરની પાણી ભરાતી દરેક જગ્યાઓ આમને ખબર. ધોવાઈને ચોખ્ખાં થયેલાં કાળાં રસ્તા અને લીલાંછમ્મ વૃક્ષો ધરાઈને જોવા સાથે બંને ચેતના કેન્દ્રમાં એક એક રૂપિયામાં રોપા લેવાં જાય અને ત્યાં મોરનું નૃત્ય જોવામાં મગ્ન થઈ જાય.. ઋતુશ્રીને એમ જ લાગે છે વરસાદે એને રોમાન્સ શિખવ્યો છે. ભણવાની સાથે વર્ષાઋતુમાં ભિંજાઈને નિકળો તો પ્રેમની અનુભૂતિ થાય. ઋષિને પણ કાંઈ એવું જ લખવાનો શોખ હોવા છતાં એ રોમાન્સમાં 'ઢ' જ હતો. વરસાદમાં પલળીને પ્રેમમાં પડાય એવું ઋતુશ્રીએ સમજાવેલું. પણ પ્રેમમાં પડયાં પછી વરસાય કેવી રીતે એ માત્ર ઋષિએ શિખવ્યું. વરસાદમાં માત્ર સાથે પલળવામાં જ મજા નથી પણ પાણી નિતરતાં શરિરની ભિનાશમાં પણ રોમાંચનું લખલખું હોય છે એવું એની કવિતામાં દેખાતું...

મનેજ ખબર નહોતી મારી મૂંઝવણ, હૃદયમાં શેની આગ લાગી
એટલામાં જ ઝરમરે છે એ વરસાદ, અને તારી એમ જ યાદ આવે

વરસાદ આવે એવાં અણસાર સાથે ઋતુશ્રીને રોમાંચ થાય. એના એક એક ટીપાંમાં આનંદ અને એ જયારે ખાબકે સરસર ઝરઝર વિથ મ્યૂઝિક ધડામધૂમ કડાડક, રાત્રીથી લઈ સવાર સુધી અને ગીત વાગવા લાગે 'બરખા રાની જરા જમકે બરસે, મેરા દિલબર જાના પાયે ઝુમકર બરસો' સાથે વરસાદનાં ગીતની સીડી પ્લેયર પર વાગવા લાગે, ઋષી અને ઋતુશ્રી બંનેને વરસાદના ગીતોનો અનોખો શોખ. અંગ દઝાડતી ગરમી બાદ આવતાં વરસાદથી પ્રેમી યુગલ રોમાંચીત થઈ ઉઠે અને પછી બંનેએ પ્રેમનાં પ્રતિક જેવાં આગ્રાના તાજમહેલે જવાનો કાર્યક્રમ ઘડી કાઢયો.

વરસાદની એક ઈનિંગ પતે એટલે ઘરની લીલો શાલુ ઓઢી લે અને નવોઢા જેવી લાગે છે, નહી? કહી ઋષી વાતની શરૂઆત કરે. રિમઝિમ વરસાદ અને ટ્રેનમાંથી રસ્તામાં દેખાતા ઝરણાંનું દૃષ્ય એટલે કોમ્પ્યુટર પરના વોલ પેપર જેવું લાગે. બંને આગ્રામાં તાજમહેલ જોડે પોતાનાંય પ્રેમની પાક્કી મહોર લગાવી બહાર નિકળ્યાં. એક છત્રીમાં બંને જણાં, જાણે હજી કોલેજ સ્ટુડન્ટ હોય એમ જ જુની યાદોને મમળાવતાં હોટલ પહોંચ્યાને ઋતુશ્રીને ઓફિસથી કોલ હતો, કલાયન્ટ આવ્યાં છે પાછા ગાંધીનગર જવું પડશે... ઋષીને ઋષીકેશ અને કેદારનાથની ઈચ્છા હતી, ઋતુશ્રીની અનિચ્છા છતાં ઋષીએ જીદ પકડી અને...

ઋતુશ્રી ગાંધીનગર પહોંચી કામે લાગી ગઈ, દિવસમાં ત્રણ વાર તો બંને વાતો કરતાં હતા, પણ આજે મોબાઈલ બંધ આવ્યો, સંપર્કનો બીજો કોઈ નંબર નહોતો...એટલામાં સ્માર્ટફોનનાં ડિસ્પ્લે પર ન્યૂઝ ફલેશ થયાં કેદારનાથમાં વાદળ ફાટયું અને હજારો ફસાયાં..એક વાદળ અહીં આના પર પણ ફાટયું, દિવસ પર દિવસ જવાં લાગ્યાં, પણ ઋષીનો પત્તો નહીં, ન સમાચાર, ન ડેડ બોડી, ઋતુશ્રીને ઋષી હવે છે કે નહી એનો પણ ખ્યાલ નથી... આ વર્ષે જેમ લાંબા ઈંતજાર બાદ વરસાદ આવ્યો એમ એને એનાં ઋષીનો ઈંતજાર છે...

સરિતા ઉદ્યાનમાં બાંકડા પર સુનમુન બેઠેલી ઋતુશ્રી 'રિમઝિમ ગિરે સાવન સુલગ સુલગ જાયે મન' સાંભળી અંદરથી સળગી રહી છે. વરસાદ છે પણ પ્રિતમ નથી..એને એની કવિતાઓની પંકિત યાદ આવે છે અને આંખમાંથી અશ્રુ વહે છે. વરસાદનાં પાણીમાં એ ભળી ગયાં છે, કોને દેખાય...??

ચૂંટલો : વર્ષાઋતુ એ પ્યાર-મહોબ્બતની ઋતુ છે. નાનપણની હોડીથી લઈ યુવાનીની છત્રીમાં ગીતો, રોમાંસ અને પ્યાર, સર્જનતા, ખેતરો બધું જ ખીલી ઉઠે છે. વનરાજી નાચી ઉઠે તો માણસ પણ ઝુમી ઉઠે છે, માત્ર પોતાનાં સાથી સાથે જોઈએ.

જીએસટી ટૂંકમાં જ રજૂ કરી શકાય : સીતારામન

નવીદિલ્હી,તા. ૫

સરકારે આજે કહ્યું હતું કે, સૂચિત નવા પરોક્ષ ટેક્સ વ્યવસ્થા સાથે સંબંધિત જીએસટીને ટૂંક સમયમાં જ રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય નાણા રાજ્યપ્રધાન નિર્મલા સીતારામને રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, જીએસટી ટૂંકમાં જ રજૂ કરવામાં આવી શકે છે. છત્તીસગઢને સેન્ટ્રલ સેલ્સટેક્સની ચુકવણી અંગે એક પ્રશ્નના જવાબમાં સીતારામને કહ્યું હતું કે, જીએસટી ટૂંક સમયમાં જ રજૂ કરવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં તેંમણે એમ પણ કહ્યું હતું કે, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ માટે રાજ્યોને સીએસટી વળતરની સાથે સાથે ૨૦૧૦-૧૧ની બેલેન્સ રકમ વિચારણા હેઠળ છે. એમ્પાવર્ડ કમિટિની ભલામણ મુજબ આ બાબત વિચારણા હેઠળ છે. કેન્દ્ર સરકાર રાજ્યો સાથે વાતચીત કરીને સીએસટીને તબક્કાવાર રીતે નાબૂદ કરવાનો નિર્ણય કરી ચુકી છે. જીએસટીને રજૂ કરવા માટે સીએસટીને નાબૂદ કરવામાં આવનાર છે. એક વખતે ઓપરેશનમાં આવી ગયા બાદ જીએસટીને લોકો સ્વીકારી લેશે. બજેટ રજૂ કરતી વેળા નાણામંત્રી અરુણ જેટલીએ પણ કહ્યું હતું કે, પરોક્ષ કરવેરા વ્યવસ્થા સાથે સંબંધિત મુદ્દાઓનો ઉકેલ આ વર્ષમાં જ શોધી કાઢવામાં આવશે. કોઈપણ ગુંચ નથી.

સમાચાર ઝલક

- પશ્ચિમ બંગાળની ખાડીમાં ૬૪૦ ભારતીય માછીમારો લાપતા.
- બાંગ્લાદેશમાં ૨૦૦ મુસાફરો સાથે હોડી ડૂબી ગઈ.
- જાતીય સતામણીથી નારાજ મહિલા ન્યાયાધીશનું રાજીનામું.
- ફિલ્મ અભિનેત્રી કરીશ્મા કપૂર બીજી વાર લગ્ન કરશે તેવા અહેવાલો.
- શ્રીલંકામાં વાંધાજનક લખાણ પર સર્વપક્ષીયો એક - શ્રીલંકાને બોધપાઠ અપાશે : વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ.
- કોર્ટનો મનાઈ હુકમ હઠતાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા તેજ બનશે.
- ક્રિકેટર એન્ડરસને જાડેજાને અપશબ્દો કહ્યા હોવાની કબુલાત કરી.
- ભારતીય જનતા પક્ષના પ્રમુખશ્રી અમિતભાઈ શાહ ચાર્ટર વિમાનનો ઉપયોગ નહિ કરે.
- જમ્મુ સરહદે ભુકંપના આંચકા અનુભવ્યા.
- મોટેરા આશ્રમમાં દીપેશ-અભિષેકના મૃત્યુની તપાસ સીબીઆઈને સોંપવાની માગણી કોર્ટે ફગાવી દીધી.
- જબલપુરમાં પાણી પ્રવાહમાં ૧૨ તણાયા.
- નર્મદા નદીમાં રીક્ષા ગબડી પડતાં ૬ નાં મોત.